सत्यमेव जयते

**આંક :**

**મોડાસાના મે.બીજા એડી.સિનિયર સિવિલ જજ અને એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ , ડૉ. લક્ષ્મી નંદવાણા સાહેબશ્રીની કોર્ટમાં, મું.મોડાસા : જી.અરવલ્લી**

**ફેંસલ તારીખ :ચોથી,માહે:એપ્રિલ, સને : ૨૦૨૬**

**ફોજદારી કેસ નં.૨૩૨૬/૨૦૨૫**

(મો.ટા.પો.સ્ટે. એફ.આઈ.આર. નંબર :
ગુ.ર.નં.૦૩૭૦/૨૦૨૫)તા.૨૭/૦૪/૨૦૨૫

**ફરીયાદી** : શ્રી સ ર કા ર
(વિદ્વાન એ.પી.પી.શ્રી એમ.વાય.દુર્વેશ )

વિ રૂ દ્ઘ

**આરોપીઓ** (૧) અજયભાઈ અરવિદભાઈ વાઘરી,
ઉ.વ.૩૨,ધંધો:મજુરી,રહે.વાઘરીવાસ,
પોષ્ટ ઓફીસના પાછળના ભાગે,મોડાસા
તા.મોડાસા, જી. અરવલ્લી.
(૨) નિતેષભાઈ અમરતભાઈ રાઠોડ,ઉ.વ. ૪૨
ધંધો: પ્રાઈવેટ નોકરી,
રહે. ક્રિષ્ણા હોસ્પિટલની સામે,મેઘરજ રોડ,
મોડાસા, તા.મોડાસા, જી. અરવલ્લી.

**આરોપીઓ તર્ફે વિદ્વાન વકીલશ્રી એસ.એન. અમીન**

## FORM-B

| | |
|---|---|
| Date of Offence | 25.04.2025 16:30 |
| Date of FIR | 27.04.2025 |
| Date of Charge Sheet | 12.08.2025 |
| Date of Framing of Charge | 16.09.2025 |
| Date of Commencement of Evidence | 18.12.2025 |
| Date of which Judgment is reserved | 13.03.2026 |
| Date of Judgment | 04-04-2026 |
| Date of the Sentencing order, if any | Nil. |

## Accused Details

| Rank of Accused | Name of Accused | Date of Arrest | Date of release on bail | Offence Charged with | Whether Acquitted or Convicted | Sentence imposed | Period of detention undergone during trial for purpose of Section 428, Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | અજય ભાઈ અરવિદ ભાઈ વાઘરી વિ.૨ | 20.06.2025 | 20.06.2025 | BNS K 303[2], 54 | Acquitted | - | |

**-: હ રા વ :-**

**(૧).ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,**

આ કામના આરોપીઓએ તા :૨૫–૦૪–૨૦૨૫ ના ક. ૧૬–૩૦ વાગ્યાના સમયગાળા દરમીયાન મોજે : કૃષિ કોલ્ડ સ્ટોરેજથી અડધો કી.મી. દૂર મોડાસાથી હિમતનગર તરફ જતા સબલપુર રોડ ઉપર આ કામના આરોપી: નિતેષભાઈ અમરતભાઈ રાઠોડનાઓએ આ કામના ફરીયાદીનો સ ેમસંગ ૧૫ ૫જી ૮ ૧૨૮–જીબ ગેલેક્ષી (૧૫૬ઈ) બ્લ્યુ બ્લેક જેનો એમઈઆઈ નં. ૩૫૧૭૬૬૩૧૧૬૦૩૨૯૫ નુ નાખેલ હતુ જે મોબાઈલ ફોનની કિંમત રૂ.૧૪,૦૦૦/– ની ચોરી કરી સહઆરોપી અજયભાઈ અરવીદભાઈ વાઘરીને વેચી તેમજ આરોપી અજયભાઈ અરવીદભાઈ વાઘરીનાઓએ ચોરીનો માલ રાખી બંને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી તપાસ દરમીયાન મળી આવી પકડાઈ જઈ બી.એન.એસ. કલમ: ૩૦૩(૨),૫૪ મુજબના ગુન્હાઓ કર્યા બાબતની ફરીયાદ ફરીયાદીએ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને આપતાં તે ગુ. ર.નં.૦૩૭૦ /૨૦૨૫ તા.૨૭–૦૪–૨૦૨૫ ના રોજ નોંધવામાં આવેલ છે.

**(૨).** ત્યારબાદ આ કામના તપાસ કરનાર અમલદારે તપાસના અંતે અત્રેની કોર્ટમાં આ કામના આરોપીઓ વિરૂઘ્ધ તા. ૧૨–૦૮–૨૦૨૫ ના રોજ ચાર્જશીટ રજૂ કરેલ. ત્યારબાદ આ કામના આરોપીઓ વિરુઘ્ધ સમન્સ કાઢવામાં આવતાં, આ કામના આરોપીઓને ઘોરણસર સમન્સની બજવણી થતાં,આ કામે આરોપીઓ તેમના વિ.વકીલશ્રી મારફતે નામ. કોર્ટ સમક્ષ

હાજર થતાં આરોપીઓને ક્રિ.પ્રો. કોડની કલમ : ૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપીઓ સામે આંક:૧૧ થી તહોમતનામું ઘડી વાંચી સમજાવી આંક : ૧૨ થી આક: ૧ ૩ સુધીના પ્લી નિવેદનો લેતાં આરોપીઓએ તેમની સામેના ગુન્હાઓનો ઈન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવી.

(૩).. ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| નં. | સાહેદનું નામ અને વિગત | આંક |
|---|---|---|
| PW-1 | ભરતસિંહ હિમતસિંહ રાજાવત– ફરીયાદી | ૧૫ |
| PW-2 | પરમાર સંદીપકુમાર દિનેશભાઈ– પંચ સાહેદ | ૧૭ |
| PW-3 | ભોલાભાઈ ચુનીભાઈ વાઘેલા– પંચ સાહેદ | ૧૯ |
| PW-4 | કરણ દિલીપભાઈ વાઘેલા – પંચ સાહેદ | ૨૧ |
| PW-5 | પટેલ મૌનિષભાઈ કમલેશભાઈ– પંચ સાહેદ | ૨૪ |
| PW-6 | પિનલબેન ભરતસિંહ રાજાવત– સાહેદ | ૨૭ |
| PW-7 | અ.હે.કો. સુરેશભાઈ ગલાભાઈ – ત.ક.અ. પોલીસ સા. | ૨૮ |
| PW-8 | એ.એસ.આઈ. ઈમરાનખાન નજામીયાં–ત.ક.અ. | ૩૦ |

## દસ્તાવેજી પુરાવો

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૬ |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૧૮ |
| ૩. | મુદામાલ કબજે કર્યાનુ પંચનામુ | ૨૦ |
| ૪. | અસલ સૂચિપત્ર | ૨૯ |

(૪) ત્યારબાદ ફરીયાદ પક્ષનો પુરાવો પુરો કર્યાનુ જાહેર કરવામાં આવેલ છે.આ કામે આરોપીઓનું ક્રિ.પ્રો.કોડ ની કલમ:૩૧૩ મુજબ વધારાનું નિવેદન લેવામાં આવેલ છે. જેમાં ફરીયાદ પક્ષનો પુરાવો તેમના રુબરુ, દેખતાં ને સાંભળતાં લેવામાં આવેલ હોવાનો સ્વીકાર કરી, બાકીના પ્રશ્નોનો ઈન્કાર કરી, પોતે સોગંદ પરની જુબાની આપવા માગતા નથી કે બચાવના સાહેદો તપાસવા માગતા નથી તેમ જણાવી વિશેષમાં તેમની સામે ફરીયાદીએ ખોટો કરેલ હોવાનુ જણાવેલ છે.ત્યારબાદ બંને પંક્ષકારોના વિ. વકીલશ્રી ઓની દલીલો સાંભળવામાં આવી.

**(૫).** ઉપરોકત હકીકતે મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## -: મુદ્દાઓ :-

**(૧).** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા :૨૫-૦૪-૨૦૨૫ ના ક. ૧૬-૩૦ વાગ્યાના સમયગાળા દરમીયાન મોજે : કૃષિ કોલ્ડ સ્ટોરેજથી અડધો કી.મી. દૂર મોડાસાથી હિમતનગર તરફ જતા સબલપુર રોડ ઉપર આ કામના આરોપી: નિતેષભાઈ અમરતભાઈ રાઠોડનાઓએ આ કામના ફરીયાદીનો સેમસંગ ૧૫ પજી ૮ ૧ ૨૮-જીટ ગેલેક્ષી (૧૫૬ઈ) બ્લ્યુ બ્લેક જેનો એમઈઆઈ નં. ૩૫૧૭૬૬૩૧૧૬૦૩૨૯૫ નુ નાખેલ હતુ જે મોબાઈલ ફોનની કિંમત રૂ.૧૪,૦૦૦/- ની ચોરી કરી સહઆરોપી અજયભાઈ અરવીદભાઈ વાઘરીને વેચી તેમજ આરોપી અજયભાઈ અરવીદભાઈ વાઘરીનાઓએ ચોરીનો માલ રાખી બં ને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી તપાસ દરમીયાન મળી આવી પકડાઈ જઈ બી.એન.એસ. કલમ:૩૦૩(૨),૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

**(૨).** શું હુકમ ?

**(૬).** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો /નિર્ણયો નીચે મુજબ છે.

(૧) મુદ્દા નંબર : ૦૧ નકારમાં...

(૨) મુદ્દા નંબર : ૦૨ આખરી હુકમ મુજબ.

**(૭).** ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**<u>-: કા ર ણો :-</u>**

**<u>મુદ્દા નં.૧,૨ :-</u>**

**(૮).** આ કામે બંને મુદ્દાઓ એકબીજા સાથે પરસ્પર રીતે સંકળાયેલા હોય પુરાવાનુ પુનરાવર્તન ના થાય તે હેતુથી સુવિધા ખાતર બંને મુદ્દાઓની સંયુકત ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે.

**(૯).** આ કામે આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપીઓ સામેનો કેસ ફરિયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા હાલના ગુન્હામાં આરોપીઓ વિરૂધ્ધની હકીકત નિ:શંકપણે સાબિત કરવા અંગેના પુરાવાનો બોજ ફરિયાદ પક્ષ પર રહેલો છે.

**(૧૦)** સદર કામે ફરીયાદ પક્ષે સૌ પ્રથમ આંક : ૧૫ થી ફરીયાદી: ભરતસિંહ હિમતસિંહ રાજાવતને સોગંદ ઉપર મૌખિક પૂરાવામાં તપાસવામાં આવેલા છે.તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે,

બાદમાં હાલના ફરીયાદીની આરોપીના/બચાવ પક્ષના વિ. વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ લેવામાં આવેલ છે,જેમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,બનાવવાળીજગ્યાએ ઘણાબધા વાહનો તેમજ માણસોની અવરજવર હોય છે તેમજ તેમણે જે એકટીવા પાર્ક કરેલ ત્યાં કોઈ સીસીટીવી કેમેરા લગાવેલ ન હતા તેમજ બનાવ તેમણે નજરોનજર જોયેલ ન હોય તેમના દાગીના કોણે ચોરી કરેલા તે તેઓ ચોકકસ કહી શકે નહી તેમજ તેઓએબ નાવવાળી જગ્યાએથી દુરની દુકાનમાં સીસીટીવી કુટેજમાં બે ઈસમો જે બંને સાબરકાંઠા બેંકમાં પણ જોવા મળેલ તે બંનેશંકાસ્પદ હોય આ ચોરી તેમણે જ કરી છે તે તેઓ કહી શકે નહી તેમજ તેમને આ ચોરી થયેલા દાગીના નામદાર કોર્ટમાં અરજી કરતાં પરત મળી ગયેલ છે તે તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે.

આમ,આ કામના ફરીયાદીની સમગ્ર જુબાની જોઈએ તો તેમજ ધ્યાને વંચાણે લઈએ તો પોતાની સરતપાસમાં આ કામના આરોપીઓને તેઓએ જેતે સમયે સીસીટીવી કુટેજમાં જોયેલહોય અને તેઓ શંકાસ્પદ જણાઈ આવેલ હોઈ જેથી આ તેમના દાગીનાની ચોરી ચોકકસ

કોણે કરી હશે તે તેઓ કહી શકે નહી  અને તેમને આ તેમના ચોરી થયેલ દાગીના  નામદાર કોર્ટમા  અરજી કરતાં પરત મળી ગયેલ  છે તેમ જણાવેલ છે તેમજ ફરીયાદીની ઉલટતપાસ જોતાં બનાવવાળીજગ્યાએ ઘણાબધા વાહનો તેમજ માણસોની અવરજવર હોય છે તેમજ તેમણે જે એકટીવા  પાર્ક કરેલ ત્યાં કોઈ સીસીટીવી કેમેરા લગાવેલ ન હતા  તેમજ બનાવ તેમણે નજરોનજર જોયેલ ન હોય તેમના દાગીના કોણે ચોરી કરેલા તે તેઓ ચોકકસ કહી શકે નહી તેમજ તેઓએબ નાવવાળી જગ્યાએથી દુરની દુકાનમાં સીસીટીવી કુટેજમાં બે ઈસમો જે બંને સાબરકાંઠા બેંકમાં પણ જોવા મળેલ  તે બંનેશંકાસ્પદ હોય આ ચોરી તેમણે જ કરી છે તે તેઓ કહી શકે નહી તેમજ તેમને આ ચોરી થયેલા દાગીના નામદાર કોર્ટમાં અરજી કરતાં પરત મળી ગયેલ છે તે તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે.આમ,આ ફરીયાદીની સરતપાસ તથા ઉલટતપાસ  એકીસાથે  વંચાણે  લેતાં
આંક:૦૭ થી રજુ કરેલ ફરીયાદની હકીકતોને લેશમાત્ર પણ સમર્થન આપતાં નથી,જેથી હાલના આરોપીઓએ આંક:૦૭ ના ફરીયાદના કથન મુજબનો કોઈ ગુન્હો આચરેલ હોવાનુ શંકા રહીત પુરવાર થતુ નથી.આમ, ફરીયાદીનો પુરાવો માનવાલાયક જણાઈ આવતો નથી.

(૧૧)  બાદમાં  આંક:૦૮ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ  તેમજ આક:૦૯ થી મુદામાલ કબજે કર્યાનુ પંચનામુ આંકે પાડી પુરાવામાં

વંચાણમાં લેવા સારુ આરોપીઓ તરફે રજૂ કરેલ છે પરંતુ સદર કામે સદર પંચનામાના પંચ સાહેદોને મૌખીક પુરાવામાં તપાસવામાં આવેલા નથી તેમજ તપાસેલા ફરીયાદી ફરીયાદ પક્ષની હકીકતોને મદદરૂપ થાય તેવો લેશમાત્ર પણ પુરાવો રજૂ કરતા ન હોય હાલમા રજૂ કરેલ આંક:૦૮ તથા આક:૦૯ વાળા પંચનામાઓ સાબીત થયેલ માની શકાય નહી.

(૧૨) બાદમાં આ કામના ફરીયાદીએ આંક : ૧૦ ની કલોજીગ પૂરશીશ રજૂ કરી હવે આ કામે આગળ કોઈ મૌખીક કે લેખીત પુરાવા રજૂ કરવા માગતા નથી તેવુ જાહેર કરી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયાનુ જાહેર કરેલ છે.આમ, આ સિવાય ફરિયાદ પક્ષ તરફે અન્ય કોઈ લેખી કે મૌખીક પુરાવો રજુ થયેલ નથી.

(૧૩) બંને પક્ષોની દલીલો તથા રજુ થયેલ સમગ્ર પુરાવો વંચાણે લેતાં બી.એન.એસ. કલમ:૩૦૩(૨),૫૪ હેઠળ શીક્ષાને પાત્ર ગંભીર ગુન્હાઓ કરેલ હોવાના કોઈ જ તત્વો પડેલ પુરાવા ઉપરથી ફલિત થતા નથી.

(૧૪) આ કામના આરોપીઓ ઉપર ફોજદારી ગુનાનુ તહોમત હોય, ક્રિમીનલ જ્યુરીસ્પ્રુડન્સ મુજબ ફોજદારી કામમાં ફરીયાદપક્ષની એ મૂળભૂત ફરજ બની રહે છે કે આરોપી સામેનો કેસ સબળ, સચોટ, વિશ્વસનીય અને આધારભૂત પુરાવાથી કેસ પુરવાર કરે. સદરહું કેસમાં ફરીયાદપક્ષ આવો

પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ ગયેલ હોય તેવા સંજોગોમાં સદર કેસમાં પડેલ પુરાવાના આધારે હાલના કેસની હકીકતો જોતાં અને આ અંગે
સેટલ લો ને ધ્યાન સમક્ષ રાખી આરોપીઓને સજા કરી શકાય નહી તેવુ મારુ વિનમ્રપણે માનવુ છે.

(૧૫) પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ જો વધુ સાક્ષીઓ તપાસવાથી કેસના અંતિમ પરિણામમાં કોઈ અસર પડે તેમ ન હોય તો તેવા સાક્ષીઓને તપાસી અને કોર્ટનો મુલ્યવાન સમય બગાડવો જોઈએ નહિં .તેને અનુસરી અને આ કેસમાં વધુ સાહેદોને તપાસવાથી પણ કેસના
અંતિમ પરિણામમાં કોઈ અસર પડે તેમ ન હોવાથી વધુ સાહેદોને ન તપાસી અને જુબાનીનુ પુનરાવર્તન ટાળી, કોર્ટનો મુલ્યવાન સમય બચાવેલ છે. આ કામમાં સદરહું કારણસર અન્ય પંચ સાહેદો તથા સાહેદો તથા પોલીસ સાહેદોને ન તપાસીને કોર્ટનો મુલ્યવાન સમય બચાવેલ છે. કારણ કે જયારે ફરિયાદપક્ષના કેસની હકીકતોને કોઈ સાહેદ સમર્થન આપતા નથી ત્યારે અન્ય સાહેદોની જુબાનીથી કેસના અંતિમ પરિણામ પર અસર થાય તેવી શકયતા રહેતી નથી. તેમજ આ કેસમાં સ્વતંત્ર સાહેદોનુ સમર્થન પ્રાપ્ત થયેલ નથી. તેથી માત્ર ચાર્જશીટના આધારે જ આરોપીઓને સજા કરી શકાય નહી. કેમ કે આરોપીઓ વિરૂધ્ધ સાબિત માની શકાય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ નથી.

(૧૬) આમ,આ કામના આરોપીઓએ તા :૦૬–૦૫–૨૦૨૫ ના ક.

૧૩–૩૦ વાગ્યાથી ક. ૧૫:૦૦ વાગ્યાના સુધીના કોઈપણ સમયગાળા દરમીયાન મોજે : નવજીવન ચોક મોડાસા ખાતે આ કામના ફરીયાદીશ્રીનાઓના એકટીવા નંબર: જી.જે.૩૧ બી.૫૩૯૪ નુ લોક ખોલી તેમાં ફરીયાદીના પત્નીના સોનાના દાગીના આશરે આઠેક તોલા જેની આશરે કીમત રૂા. ૬,૪૦,૦૦૦/–ના તથા લોકરની ચાવીની એકબીજાની મદદગારી કરી ચોરી કરી પાછળથી મળી આવી પકડાઈ જઈ બી.એન.એસ. કલમ: ૩૦૩(૨),૫૪ મુજબના ગુન્હાઓ કરેલ હોવાની હકીકતો ફરીયાદ પક્ષ તરફે પડેલ પુરાવાઓથી પુરવાર કરી શકેલ નથી.આમ, ઉપરોકત તમામ ચર્ચાના અંતે ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેમ ઠરાવી મુદ્દા નંબર:૦૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નંબર:૦૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

(૧૭) **–::આ ખ રી હુ ક મ ::–**

:૧: આ કામના તમામ આરોપીઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ: ૨૪૮(૧) હેઠળ તેમની સામેના બી.એન.એસ. કલમ:૩૦૩(૨),૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હૂકમ કરવામાં આવે છે.

:૨: સદર કામે રજુ કરેલ મુદામાલ પાવતી નં. ૫૬/૨૦૨૫ માં જણાવેલ મુદામાલ મોબાઈલ માલીકી અંગે યોગ્ય ખરાઈ કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

:૩: આ કામે ક્રિ.પ્રો.કો.ની કલમ ૪૩૭ (એ) ની જોગવાઈઓ અનુસાર દરેક આરોપીએ રૂા.૧૦,૦૦૦/-(અંકે રૂપિયા દશ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના બોન્ડ છ માસ માટે આપવા.

હુકમ આજરોજ તારીખ : ૦૪ મી , માહે:એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામ : મોડાસા.
તારીખ: ૦૪-૦૪-૨૦૨૬

**(ડૉ.લક્ષ્મી નંદવાણા)**
બીજા એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
મોડાસા
. જજ કોડ નં. જી.જે. ૦૧૩૯૨

<<<< J.R.RATHOD. P.A .>>>>